# સપનાઓનો વેપાર - શિક્ષણ પ્રણાલીનું કડવું સત્ય

સાયન્સ એન્ડ નોલેજ

★ ધનંજય રાવલ

વેકેશન પૂરું થવાનું આવે એટલે આનંદ અને આરામની વાત થવી જોઈએ. પરંતુ આજના સમયમાં આ સમય પરિણામોની સીઝન બની ગઈ છે. સાથે સાથે માનસિક તણાવ અને નિરાશાની સીઝન પણ શરૂ થાય છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ મહેનત કરે છે. માતા પિતા પોતાની આખી બચત ખર્ચી નાખે છે. છતાં અંતે એક જ પ્રશ્ન ઊભો રહે છે કે શું આ બધાનું સાચું પરિણામ મળે છે? એક પિતા પોતાની દીકરી માટે લાખો રૂપિયા ખર્ચે છે. તે ઉત્તમ ગુણ લાવે છે. છતાં પણ તેને ઈચ્છિત સંસ્થા કે ક્ષેત્રમાં પ્રવેશ નથી મળતો. તો શું આ શિક્ષણ પ્રણાલી હવે સફળતાનો માર્ગ રહી નથી? પરંતુ મોંઘી લોટરી બની ગઈ છે?

આજના સમયમાં ૯૯% કે ૯૫% ગુણ સામાન્ય બની ગયા છે. પરંતુ સવાલ એ છે કે શું આ ગુણ સાચી ક્ષમતા દર્શાવે છે કે માત્ર એક દોડ છે જેમાં બાળકોને સતત દોડાવવામાં આવે છે. એક જ પરીક્ષામાં હજારો વિદ્યાર્થીઓ ખૂબ ઊંચા ગુણ મેળવે છે. પરંતુ બેઠકો મર્યાદિત હોવાથી દરેકને યોગ્ય તક મળવી શક્ય નથી. એટલે સ્પષ્ટ છે કે માર્ક્સની સંખ્યા વધી રહી છે પરંતુ તક ઓછી થઈ રહી છે. આ સ્થિતિને માર્ક્સની મોંઘવારી કહી શકાય છે. જ્યાં માર્ક્સની કિંમત ઘટી રહી છે.

આજના સમયમાં કોચિંગ એક મોટો વ્યવસાય બની ગયો છે. બે વર્ષના અભ્યાસ માટે લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. માતા પિતા ઘરેણાં ગીરવે મૂકે છે, જમીન વેચે છે, લોન લે છે, પોતાના બાળકના ભવિષ્ય માટે બધું દાવ પર મૂકે છે, છતાં પણ તેમને ખાતરી નથી મળતી. કોચિંગ સેન્ટરોમાં વિદ્યાર્થીઓને વિચારતા શીખવવામાં આવતા નથી. પરંતુ તેમને માત્ર પ્રશ્ન ઉકેલવાની રીતો શીખવવામાં આવે છે. જેના કારણે તેઓ મશીન જેવી કાર્યશૈલી અપનાવે છે. પરંતુ જીવનમાં સર્જનાત્મકતા અને નવી વિચારધારા માટે જગ્યા ઓછી રહી જાય છે.

આ સમગ્ર પ્રક્રિયામાં સૌથી મોટું નુકસાન બાળકના બાળપણનું થાય છે. નાની ઉંમરથી જ દબાણ શરૂ થાય છે. રમવાનો સમય ઓછો થઈ જાય છે. સ્વતંત્ર વિચાર કરવાની તક મળતી નથી અને માત્ર સ્પર્ધાની દોડમાં બાળક જોડાઈ જાય છે. આ રીતે આપણે ભવિષ્યના સર્જકો કે વૈજ્ઞાનિકો નહીં, પરંતુ માત્ર પરીક્ષા માટે તૈયાર થયેલા લોકો તૈયાર કરી રહ્યા છીએ.


દર વર્ષે ઘણા વિદ્યાર્થીઓ નિરાશાના કારણે ખોટા પગલા લે છે. આ એક ગંભીર સામાજિક સમસ્યા બની ગઈ છે. અપેક્ષાઓનો ભાર. સરખામણીનું દબાણ અને નિષ્ફળતા સહન કરવાની અસમર્થતા તેમને અંદરથી તોડી નાખે છે. સાચી વાત એ છે કે સમસ્યા બાળકોમાં નથી. પરંતુ આપણા બનાવેલા સિસ્ટમમાં છે. જે માત્ર ગુણોને મહત્ત્વ આપે છે. માનવીય મૂલ્યોને નહીં.

હવે પ્રશ્ન એ છે કે આ પરિસ્થિતિમાંથી બહાર કેવી રીતે નીકળવું. સૌથી પહેલા તો માતા પિતાએ સમાજની દેખાદેખી છોડવી પડશે. પોતાના બાળક માટે શું યોગ્ય છે તે સમજવું પડશે. દરેક બાળક અલગ હોય છે. તેની રસ અને ક્ષમતા અલગ હોય છે. કોઈને વિજ્ઞાન ગમે છે, કોઈને કલા ગમે છે, કોઈને ટેકનોલોજી ગમે છે, તો કોઈને વ્યવસાયમાં રસ હોય છે. માતા પિતાએ આ બાબતને સમજીને બાળકને તે દિશામાં આગળ વધારવું જોઈએ.

માર્ક્સ કરતા સમજ વધુ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે ગુણો થોડા સમય માટે હોય છે. પરંતુ સમજ જીવનભર કામ આવે છે. બાળકને સ્વઅભ્યાસ કરવાની આદત વિકસાવવી જોઈએ. આત્મવિશ્વાસ વધારવો જોઈએ અને મહેનત કરવાની તૈયારી રાખવી જોઈએ. આજના સમયમાં ડિગ્રી કરતા કૌશલ્ય વધુ મહત્ત્વપૂર્ણ છે. એટલે સંવાદ ક્ષમતા, સમસ્યા ઉકેલવાની ક્ષમતા, સર્જનાત્મકતા અને ટેકનિકલ કૌશલ્ય પર ધ્યાન આપવું જરૂરી છે.

બાળકને જીવન માટે જરૂરી કૌશલ્ય પણ શીખવવા જોઈએ. જેમ કે સમયનું સંચાલન, જવાબદારી અને સ્વતંત્રતા. આ કૌશલ્યો તેને જીવનમાં આગળ વધવામાં મદદ કરશે. માતા પિતાએ ખર્ચ કરતાં સમજદારીથી રોકાણ કરવું જોઈએ. જો લાખો રૂપિયા કોચિંગમાં ખર્ચવામાં આવે તેના બદલે તે રકમ ભવિષ્ય માટે સાચવી શકાય. અને યોગ્ય સમયે ઉપયોગ કરી શકાય. સાચી સફળતા એ નથી કે માત્ર કોઈ એક સંસ્થામાં પ્રવેશ મળે. પરંતુ સાચી સફળતા એ છે કે વ્યક્તિ પોતાનો માર્ગ શોધે, પોતાની ક્ષમતા અનુસાર આગળ વધે અને ખુશી અને સંતુલન સાથે જીવન જીવશે. જીવનમાં અનેક માર્ગો છે અને દરેક માર્ગ પર સફળતા મેળવી શકાય છે.

અંતે માતા પિતાને એક જ સંદેશ આપવો છે. તેઓ પોતાના બાળકને દોડમાં દોડાવવાના બદલે તેને પોતાનો માર્ગ શોધવામાં મદદ કરે. સમાજ આજે કદાચ સમજે નહીં. પરંતુ આવતીકાલે એ જ સમાજ તમારા નિર્ણયની પ્રશંસા કરશે. દરેક બાળકમાં કોઈને કોઈ વિશેષતા હોય છે. તેને ઓળખીને યોગ્ય દિશામાં આગળ વધારવું એ જ સાચું કારકિર્દી ઘડતર છે. કર્મ અને મહેનત જ સફળતાનો સાચો માર્ગ છે.



**સાચી સફળતા એ નથી કે માત્ર કોઈ એક સંસ્થામાં પ્રવેશ મળે. પરંતુ સાચી સફળતા એ છે કે વ્યક્તિ પોતાનો માર્ગ શોધે, પોતાની ક્ષમતા અનુસાર આગળ વધે અને ખુશી અને સંતુલન સાથે જીવન જીવે !**

# દુનિયાના એવા દેશો, જ્યાં માત્ર 4 દિવસ જ લોકો કરે છે કામ, બાકી સમયે જીવે છે જલસાવાળીની લાઈફ!

આજની ભાગદોડભરી જિંદગીમાં કામનું દબાણ એટલું વધી ગયું છે કે, લોકો માટે પોતાના માટે પણ સમય કાઢવો મુશ્કેલ બની રહ્યો છે. સવારથી સાંજ સુધી ઓફિસ અને જવાબદારીઓ વચ્ચે ફસાયેલા લોકો અવારનવાર થાક અને તણાવનો સામનો કરે છે. એવામાં જો કોઈ એમ કહે કે, અઠવાડિયામાં માત્ર 4 દિવસ જ કામ કરવું પડશે અને બાકીનો સમય પોતાના માટે મળી જશે, તો તે કોઈ સપના જેવું લાગશે. પરંતુ હવે આ માત્ર કલ્પના નથી, પરંતુ ઘણા દેશોમાં અપનાવવામાં આવેલું એક નવું વર્ક મોડલ બની ચૂક્યું છે.

4-ડે વર્ક વીકનો અર્થ છે કે, કર્મચારીઓએ અઠવાડિયામાં 5 દિવસના બદલે માત્ર 4 દિવસ જ કામ કરવાનું હોય છે. આમાં એક ખાસ '100-80-100' મોડલ અપનાવવામાં આવે છે. એટલે કે કર્મચારીઓને 100% પગાર મળે છે, તેઓ 80% સમય કામ કરે છે, પરંતુ તેમની પાસેથી 100% પ્રોડક્ટિવિટીની અપેક્ષા રાખવામાં આવે છે. આ મોડલનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, કર્મચારીઓ ઓછા સમયમાં વધુ સારું કામ કરે અને સાથે જ તેમને તેમના અંગત જીવન માટે પણ પૂરતો સમય મળી શકે.

આ વર્ક કલ્ચરની શરૂઆત યુરોપથી થઈ હોવાનું માનવામાં આવે છે. બેલ્જિયમ (Belgium) જેવા દેશોએ પોતાના કર્મચારીઓને 4 દિવસ કામ કરવાનો અધિકાર આપ્યો છે. આ સિવાય પોર્ટુગલ, સ્પેન અને



ફ્રાન્સ જેવા દેશો પણ આ મોડલને ટ્રાયલ અથવા પાયલટ પ્રોજેક્ટ તરીકે અપનાવવાની દિશામાં કામ કરી રહ્યા છે. આ દેશોનું માનવું છે કે, આનાથી કર્મચારીઓની કાર્યક્ષમતા વધે છે અને તેઓ વધુ સંતુષ્ટ રહે છે. હવે આ ટ્રેન્ડ માત્ર યુરોપ પૂરતો સીમિત નથી, પરંતુ એશિયાઈ દેશોમાં પણ ઝડપથી ફેલાઈ રહ્યો છે. જાપાન જેવા દેશની સરકાર પણ આ મોડલને પ્રોત્સાહન આપી રહી છે. તો બીજી તરફ, ફિલિપાઈન્સમાં એનર્જી બચાવવાના ઉદ્દેશ્યથી સરકારી કર્મચારીઓ માટે 4-ડે વર્ક વીક લાગુ કરવામાં આવ્યું છે.

આનાથી સ્પષ્ટ છે કે, અલગ-અલગ કારણોસર પણ આ મોડલ વિશ્વભરમાં અપનાવવામાં આવી રહ્યું છે.

ઘણા રિસર્ચ અને રિપોર્ટ્સમાં એ સામે આવ્યું છે કે, જ્યારે કર્મચારીઓને અઠવાડિયામાં માત્ર 4 દિવસ કામ કરવાનું હોય છે, ત્યારે તેમની પ્રોડક્ટિવિટીમાં સ્પષ્ટપણે વધારો જોવા મળે છે. ઓછા સમયમાં કામ પૂરું કરવાને કારણે તેઓ વધુ ફોકસ અને એનર્જી સાથે પોતાના ટાસ્કને વધુ સારી રીતે નિભાવે છે.

આ સાથે જ લાંબા સમય સુધી સતત કામ કરવાથી થતો તણાવ અને બર્નઆઉટ પણ ઘણી હદ સુધી ઓછો થઈ જાય છે, જેનાથી કર્મચારીઓની માનસિક અને શારીરિક સ્થિતિ સારી રહે છે. ઘણી કંપનીઓના અનુભવ પણ એ જ જણાવે છે કે, જ્યારે કર્મચારીઓને કામ અને અંગત જીવન વચ્ચે સંતુલન જાળવવાની તક મળે છે, ત્યારે તેઓ વધુ ખુશ અને સંતુષ્ટ રહે છે. તેની સીધી અસર તેમના કામની ગુણવત્તા પર પડે છે, તેઓ વધુ ક્રિએટિવ અને જવાબદારી સાથે કામ કરે છે. જેના કારણે કંપનીઓનું પરફોર્મન્સ સુધરે છે અને તેમની કુલ આવકમાં પણ સારો વધારો જોવા મળે છે.